ગાંધીનગરની શાળાઓમાં પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

ગાંધીનગર, તા. ૨૭

સ્વતંત્ર ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાક દિનની ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ગાંધીનગર અને તેની આસપાસની શાળા-મહાશાળાઓ અને સંસ્થાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ૬૪મા પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળાઓમાં આમંત્રિત મહેમાનો અને વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા અનેકવિધ દેશભક્તિ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

● સરકારી પ્રાથમિક શાળા નં. ૧, સેક્ટર-૨૮

ગાંધીનગરના સેક્ટર-૨૮માં આવેલી સરકારી પ્રાથમિક શાળા નં. ૧માં ૬૪મા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ હતી. આ પ્રસંગે માઈકો શોપીંગ મહામંડળના પ્રમુખ જિતેન્દ્રસિંહ વાઘેલાએ ધ્વજવંદન કરાવ્યું હતું. નાના ભૂલકાંઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિ ગીત, ગરબા વગેરે રજૂ કરી દેશાભિમાનનું વાતાવરણ સર્જ્યું હતું. વાલીઓએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન રૂપે ચોકલેટનું વિતરણ કર્યું હતું.

● સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૭

વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલના હસ્તે સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૭ ખાતે ૬૪મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકો દ્વારા અનેક મનોરંજક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો, ધોરણ-૧થી ૭ના બાળકો માટે રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રજુજી ગોલના હસ્તે ધ્વજ ફરકાવાયો હતો. આ પ્રસંગે આચાર્ય, શિક્ષક અને વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત

રહ્યા હતા. રજુજી ગોલ તરફથી બાળકોને બુંદીના લાડવાની વહેંચણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ રમેશભાઈ, કનુભાઈ, સમીરભાઈ, હિતેષભાઈ, મહામંત્રી રમેશભાઈ વાળંદ, ખજાનચી પ્રદિપભાઈ પટેલ, રાહુલ, ચિરાગ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર, સેક્ટર-૬

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ગાંધીનગરના સેક્ટર-૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રધ્વજ ફરકાવી, રાષ્ટ્રગીત ગાઈ ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ અનિલભાઈ જયસિંગાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વસાહતીઓ સાથે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી.

● એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ

સોજા ગામની એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન, સ્કાઉટ ગાઈડ શુભારંભ, રાષ્ટ્રીય સેવા યોજનાનો પ્રારંભ, સારસ્વત અભિવાદન અને તેજસ્વી તારલાઓના સન્માન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રેષ્ઠ શિક્ષકનો ખિતાબ ત્રણ-ત્રણવાર પ્રાપ્ત કરી બે-બે રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યા બાદ 'ઈન્ટરનેશનલ સ્ટેટ્સ એવોર્ડ ફોર ઈન્ટેલેક્ચ્યુઅલ ડેવલપમેન્ટ' જેવો પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર રાકેશ પ્રજાપતિનું સવિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. મણિભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયેલ કાર્યક્રમમાં નંદકિશોર પટેલ, પ્રવીણભાઈ પટેલ, નરેન્દ્રસિંહ વાઘેલા, નટવરભાઈ સથવારા, કિરીટભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ, ઘનશ્યામસિંહ વાઘેલા, ગોરધનભાઈ પટેલ, ડી. સી. પટેલ, નારણભાઈ પટેલ, અરવિંદભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામીનારાયણ ગુરૂકુળ ૧૯૮૪ની ધોરણ-૧૦ની બેચના વિદ્યાર્થીઓનો એલ્યુમિનિ ફંકશન ૩ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર આવેલી સીટી પલ્સ કેમ્પસમાં સવારે ૮.૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે તમામ મિત્રો સહ પરિવાર ઉપસ્થિત રહી જૂની વાતો, યાદો વાગોળશે. આ કાર્યક્રમની વધુ માહિતી માટે સંદિપ વખારીયા - ગાંધીનગર - ૯૮૨૫૧૭૦૦૧૨, મહેશ મોદી - સુરત - ૯૩૭૬૬૯૭૦૦૧, ૯૮૨૫૧૨૯૦૩૯ અને મોરલી પટેલ અમદાવાદ - ૯૪૨૬૦૧૧૦૭૫નો સંપર્ક કરવો.

ડિફેન્સ કોલોનીમાં બંધ મકાનનું તાળું તોડી દાગીનાની ચોરી

મકાન માલિક બે દિવસ પરિવાર સાથે બહારગામ ગયાને તસકરો તિજોરી સાફ કરી ગયા : ૭ તોલા વજનના સોનાનાં દાગીનાની ચોરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક વાવોલ ગામ પાસે ડીફેન્સ કોલોનીના બંધ મકાનને તસકરોએ નિશાન બનાવી મકાનના દરવાજાનો નકુચો તથા ઈન્ટરલોક તોડીને સોના-ચાંદીના દાગીનાનો હાથફેરો કરી લીધો છે. મકાન માલિક પરીવાર સાથે બે દિવસ બહારગામ ગયા હતા તે અરસામાં તસકરોએ હાથ સાફ કર્યા હતા. મકાનમાંથી ૭ તોલા વજનના સોનાના દાગીના તથા ચાંદીની હેરો મળીને રૂ. ૭૪ હજારની મતાની ચોરી કરી તસ્કર ટોળકી ફરાર થઇ ગઇ હતી. સેક્ટર-૭ પોલીસે આ બનાવ અંગે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

શિયાળાની ઠંડી વચ્ચે નગરજનોની ઘોર નિંદ્રાનો લાભ લઈ તસકરો જિલ્લામાં રીતસરના પેધા પડી ગયા હોય તેમ દર એક-બે દિવસે ઘરફોડ ચોરી કરીને પલાયન થઈ જાય છે ત્યારે વધુ એક ઘરફોડ ચોરી પોલીસ ચોપડે નોંધાવા પામી છે. શહેરને અડીને આવેલા વાવોલ પાસેની ડિફેન્સ કોલોની મકાન નં. ૮૫૭માં રહેતા મનીષભાઈ સુભાષચંદ્ર સિંઘ ૨૫ જાન્યુઆરીના રોજ પરિવાર સાથે મકાનને તાળું મારીને બહારગામ ગયા હતાં. ગઈકાલે મોડી રાત્રે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે તેમના મકાનના દરવાજાનો નકુચો તુટેલો હતો.

બે દિવસ મકાન બંધ રહ્યું તે અરસામાં તસકરો તેમના મકાનમાં ઘરફોડ કરી ગયા હતા. તસકરો તેમના મકાનમાં ઘરફોડ કરી ગયા હતાં. તસકરો નકુચો અને ઈન્ટરલોક તોડીને મકાનમાં પ્રવેશ્યા હતા અને તિજોરી ફેંદીને ડ્રોઅરમાંથી સોનાની બે બંગડી, ૬ વિંટી અને સેટ મળીને આશરે ૭ તોલા વજનનાં સોનાનાં દાગીના તથા ૨૫૦ ગ્રામ વજનની ચાંદીની હેર મળી રૂ. ૭૪ હજારની કિંમતના સોના ચાંદીના દાગીના ચોરી ગયા હતા. મકાન માલિકે સેક્ટર-૭ પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવતા પોલીસ ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડ લઈને બનાવ સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસનો દોર શરૂ કર્યો છે.

વાવોલ-ગોકુલપુરા માર્ગ પર બાઈક ગાય સાથે અથડાતા યુવાનનું મોત

ગાયને બચાવવા જતાં બાઈક ચાલક કાબુ ગુમાવી બેઠો : બાઈક સવાર યુવાન સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૭

વાવોલ-ગોકુલપુરા માર્ગ પર બાઈક લઈને જતા યુવાનોને ગાય વચ્ચે આવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવાનનું ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યું હતું. બાઈક પર પાછળ બેઠેલા યુવાનને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામમાં શાલીન-૪માં રહેતા અરવિંદભાઈ બેચરભાઈ અસારી અને સાબરકાંઠા ભિલોડાના ઉમેશભાઈ છગનભાઈ અસારી પોતાનું બાઈક નં. જીજે-૯-સી.એફ.૫૧૮૨ લઈને ૨૬મી જાન્યુઆરીના રોજ વાવોલથી ગોકુલપુરા તરફ જઈ રહ્યા હતા ત્યારે અચાનક રસ્તામાં ગાય આવી ચડતા બાઈક ચાલક યુવાન હતપ્રત બની ગયો હતો અને કાબુ ગુમાવી બેઠો હતો. અચાનક આવી ગયેલી ગાયને બચાવવા યુવાને બ્રેક મારી હતી. છતા પણ ગાય સાથે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક ઉમેશભાઈ અસારીને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ સવાર અરવિંદભાઈ અસારીને નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવામાં આવ્યો છે. આ ઘટના અંગે અરવિંદભાઈ અસારીની ફરિયાદને પગલે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાનું ગૌરવ

ગાંધીનગર જિલ્લાની ખેલમહાકુંભ-૨૦૧૩ ની રસ્સાખેંચની સ્પર્ધા તાજેતરમાં ચરાડા મુકામે યોજાઈ હતી. જેમાં સ્વામીનારાયણ હાઈસ્કૂલની ૧૬ બહેનો પ્રથમ ક્રમે, અંડર-૧૬માં ૧૬ ભાઈઓ દ્વિતીય અને અબવ-૪૫ ભાઈઓ તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાની રમીલા પટેલ, રીન્કુ ચૌધરી, હર્ષા ચૌધરી, નિલમ ચૌધરી, નયના ચૌધરી, અમિતા ચૌધરી, હીના ચૌધરી, દક્ષા અને પાયલ રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. અંડર ૧૬માં વિરલ, અંજલી, શિવાની, સ્વપ્નીલ, મૈત્રી, નિલમ, પ્રિયંકા અને જાનુ રાજલ દ્વિતીય ક્રમે વિજેતા બન્યા હતા. તા અબવ-૧૬ ભાઈઓ દ્વિતીય ક્રમે, અબવ-૪૫ ભાઈઓ તૃતીય ક્રમે તેમજ અબવ-૬૦ ભાઈઓ પ્રથમ ક્રમે વિજેતા થયા હતા અને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આદર્શ નિવાસી શાળા નાંદોલના ખેલાડીઓ ખેલ મહાકુંભમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાકક્ષાની ખેલમહાકુંભ-૨૦૧૩ અંતર્ગત રસ્સાખેંચ અને કબડ્ડી સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી.જેમાં દહેગામ તાલુકા નાંદોલ ગામની આદર્શ નિવાસી વિ.જા. કુમાર શાળાના વિદ્યાર્થીઓએ રસ્સાખેંચમાં તાલુકાકક્ષાએ પ્રથમ અને જિલ્લાકક્ષાએ બન્ને રમતમાં તૃતીય નંબર મેળવ્યો હતો.

ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત મહુડી મુકામે કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી શાળાના પ્રવીણ પરમાર, પ્રવીણ જમોડ, વિનોદ પરમાર, પરહાડિયા જગાભાઈએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો તથા ચરાડા મુકામે યોજાયેલી રસ્સાખેંચની તાલુકા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં તૃતીય ક્રમ હાંસલ કર્યો હતો. તમામ વિજેતા સ્પર્ધકોને જિલ્લા નાયબ નિયામક તેમજ શાળાના આચાર્ય બી.એસ. બારૈયા અને શાળાના વી.કે. ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.



લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વાસ્થ્ય ચિકિત્સા કેમ્પ યોજાયા

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ અનિલભાઈ જયસિંગાનીની રાહબરી હેઠળ તાજેતરમાં સમો ગામે નેત્ર ચિકિત્સા કેમ્પ અને દહેગામમાં સ્વાસ્થ્ય તપાસ અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. સમો ગામે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના સહયોગથી નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૨૩ લોકોના નેત્રની તપાસ કરવામાં આવી હતી. તજજ્ઞ ડૉ. શિલ્પા ભટ્ટ અને તેમની ટીમે નેત્ર નિદાન કરી જરૂરી સેવા પુરી પાડી હતી. આ ઉપરાંત દહેગામ તાલુકામાં લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ૫૧૬ બાળકોના સ્વાસ્થ્ય અંગેની તપાસ કરવામાં આવી હતી. ગજાનન સેવા સમિતિની ટીમે આ સમગ્ર કામગીરીમાં જરૂરી સેવા પુરી પાડી હતી.

એસ. જી. હાઈસ્કૂલ ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાળકોએ ઉમેળકાભેર ભાગ લઈ લીંબુ ચમચો, સ્લો સાઈકલીંગ જેવી અનેક રમતો રમી હતી તે પ્રસંગની તસવીર.

એસ. જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાથમિક શાળાનો રમતોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાયમરી શાળામાં તા. ૨૨ અને ૨૩મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ શાળાનો વાર્ષિક રમતોત્સવ ખૂબ જ ધૂમધામપૂર્વક ઉજવાઈ ગયો.

શાળાના પટાંગણમાં તા. ૨૨મી જાન્યુઆરીએ સવારે ૮ કલાકે વાર્ષિક રમતોત્સવનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. મુખ્ય મહેમાન અર્પિત ક્રિશ્ચિયન અને શાળાના આચાર્યા મીતી મેડમે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ લેઝીમ દાવ, ડમ્બેલ્સ કવાયત, પિરામીડ વગેરેની સુંદર રજૂઆત કરી આમંત્રિત મહેમાન અને વિદ્યાર્થી દર્શકોને આકર્ષિત કર્યા હતા. ત્યાર બાદ મહેમાનશ્રીએ મશાલ પ્રગટાવી રમતવીરોના જુસ્સાને પ્રદિપ્ત કર્યો હતો. વિદ્યાર્થી મશાલ સાથે દોડી દરેક રમતવીરને જીવનમાં - સ્પર્ધામાં પોતાના કૌશલ્યથી પ્રકાશ ફેલાવવા અને સતત 'સ્પોર્ટસ મેન સ્પિરીટ' રાખવાનો સંદેશો આપ્યો હતો.

વાર્ષિક રમતોત્સવના પ્રથમ દિવસે ધોરણ-૫ થી ૭ના વિદ્યાર્થીઓ માટે લીંબુ ચમચી, સંગીત ખુરશી, દોડ, સ્લો સાઈકલીંગ વગેરે રમતો યોજવામાં આવી હતી. સૌ પ્રથમ રમતોત્સવની શરૂઆત દોડથી થઈ હતી. જેમાં મુખ્ય મહેમાને 'એર શુટીંગ' કરી સ્પર્ધકોની દોડ શરૂ કરાવી હતી. ત્યારબાદ શાળાના મેદાનમાં સ્લો સાઈકલીંગ, લીંબુ ચમચી, સંગીત ખુરશી વગેરે રમતોમાં સ્પર્ધકોએ પોતાના કૌશલ્ય પ્રગટ કર્યા હતા. રમતોત્સવના બીજા દિવસે ધોરણ- ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે દેડકા દોડ, પોઈઝન બોલ, બુક બેલેન્સીંગ, સંગીત ખુરશી અને લીંબુ ચમચીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરેક સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાનું રમત કૌશલ્ય પ્રગટ કરી પ્રથમ, દ્વિતીય નંબર મેળવ્યા હતા. તથા રમતોત્સવને આનંદપૂર્વક માણ્યો હતો. સમગ્ર શાળા રમતોત્સવનું આયોજન આચાર્ય મીતી મેડમના માર્ગદર્શન હેઠળ અને વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ રજનીકાન્તભાઈ પટેલના નેતૃત્વ હેઠળ યોજાયું હતું. જેમાં શાળાના દરેક શિક્ષકોનો જરૂરી સહકાર મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સુખરામ સરે કર્યું હતું. અને આભારવિધિ બીનાબેન પંડ્યાએ કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૨૫

તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૦.૦૦, ૯.૩૦
આકાશ વાની : ૧૨.૪૫, ૬.૦૦
મેં ક્રિશ્ના હું : ૩.૩૦

: સ્ક્રીન-૪ :
મેં ક્રિશ્ના હું : ૩.૦૦
આકાશ વાની : ૧૨.૩૦
રેસ-૨ : ૬.૧૫, ૯.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
આકાશ વાની : ૧૦.૩૦, ૬.૩૦
ઈન્કાર : ૧.૩૦
રેસ-૨ : ૯.૩૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
રેસ-૨ :૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
રેસ-૨ :૧૧.૧૫, ૨.૧૫
મેં ક્રિશ્ના હું : ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
મેં ક્રિશ્ના હું : ૧૦.૩૦
આકાશ વાની : ૧.૦૦, ૯.૪૫
રેસ-૨ : ૩.૩૦, ૬.૩૦

ચિરાગ, કલોલ

રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન અને ધાર્મિક કાર્યો થઈ શકે છે. કુટુંબીજનનો સાથ-સહકાર મળી રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે.

વૃષભ : આરોગ્યલક્ષી આહાર લેવો. પેટ સંબંધી બિમારી થઈ શકે છે. સાહિત્યકારો, કવિવર્ગ,કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

મિથુન : સમાજ અને રાજકીયક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થવાની સંભાવના છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

કર્ક : વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

સિંહ : વિવાદ, કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું. વ્યપાર- વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

તુલા : લાભ પ્રાપ્તિનો યોગ. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે.

મકર : સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. વ્યાપારક્ષેત્રમાંનવા આયોજનો થઈ શકશે.

મીન : વ્યાપાર અને વ્યવસાયિકક્ષેત્રના કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. દયારામભાઈ કાનજીભાઈ સોની (ઉ.વ. ૮૦) મુ.પો. પાટનાકુવા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. વસંતથા વેદનાથન (ઉ.વ. ૭૩) પ્લોટ નં. ૫૬૨/૧, સેકટર-૧, ગાંધીનગર.
- સ્વ. જશુભાઈ ભોળાભાઈ પરમાર (ઉ.વ. ૭૦) ૧૦૧, ડબ્બલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. પિલ્લોત્તાબેન મથુરદાસ કથરેચા (ઉ.વ. ૬૨) બ્લોક નં. ૬૩૫/૨. કિસાનનગર, સકેટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. હેમતુજી મૂળજી વિયોલ (ઉ.વ. ૪૫) મુ.પો. વાસણીયા મહાદેવ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બાબુજી સરદારજી સોલંકી (ઉ.વ. ૪૫) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.રમણીકલાલ ચંદુલાલ ઘોડીયા (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૬૬/૧, જી.ઈ.બી. કોલોજની, ગાંધીનગર.
- સ્વ. વિઠ્ઠલભાઈ નાથાલાલ પટેલ (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૫૦૩/૨, સેકટર-૧૨/બી, ગાંધીનગર.
- સ્વ. લાડકીબેન કાનજીભાઈ પટેલ (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૪૮/૨, સેકટર-૩/એ/ન્યૂ, ગાંધીનગર.